<table>
<tr><td rowspan="5">GJSN170014822025</td><td rowspan="5"></td><td>દાખલ થયા તારીખ:</td><td colspan="3">૧૬/૧૨/૨૦૨૫</td></tr>
<tr><td>રજુ કર્યા તારીખ:</td><td colspan="3">૧૬/૧૨/૨૦૨૫</td></tr>
<tr><td>ફેંસલ કર્યા તારીખ:</td><td colspan="3">૦૬/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય મર્યાદા</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૨</td><td>૨૧</td></tr>
</table>

**થાનગઢના મહે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૧૧૧૫/૨૦૨૫**

**આંક–૧૫**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** **જીશાનખાન અમજદખાન કુરેશી, ઉ.વ.૨૨**
રહે. થાનગઢ, મંગલદિપ સોસાયટી, ધોળેશ્વર પોળ,
તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

==================================================

**ગુન્હો:–ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબ

==================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ
આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી ડી.સી.ચાવડા

==================================================

**<u>–:: ચૂકાદો ::–</u>**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૧૫ વાગ્યે બંસી ડેરી બાજુમાં આવેલ પોતાના જુના રહેણાંક મકાનની બાજુમાં આવેલ અવાવરૂ જગ્યાએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દેશી દારૂ લીટર–૦૫

કિં.રૂ.૧૦૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૫૦૫૬૧/૨૦૨૫થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં બી. એન. એસ. એસ.ની કલમ–૨૩૦ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક–૦૩ થી ફરમાવી અને આરોપીની આંક–૦૪ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ કરવાનો ઈન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**૩.** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**–: મૌખિક પુરાવા:–**

| અનુ. નં. | આંક– | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની |
| ૨ | ૦૯ | પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણની જુબાની |
| ૩ | ૧૧ | ત.ક.અ. અશોકભાઇ છગનભાઇ ચાવડાની જુબાની |

**૪.** ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>-: દસ્તાવેજી પુરાવા:-</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૨ | ફરિયાદ |
| ૩ | ૧૩ | એફ.એસ.એલ. રવાનગી પત્ર |

**૫.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૭ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

**૬.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દાઓ ::</u>**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૧૫ વાગ્યે બંસી ડેરી બાજુમાં આવેલ પોતાના જુના રહેણાંક મકાનની બાજુમાં આવેલ અવાવરૂ જગ્યાએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દેશી દારૂ લીટર-૦૫ કિં.રૂ.૧૦૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી **ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

## ૮. <u>:: નિર્ણય અંગેના કારણો ::</u>

**૯.** ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઇ આવે છે. જે નીચે મુજબ છે.

(૯.૧) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે આંક–૦૭ થી પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણી તથા આંક–૦૯ થી પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૦૮ ના પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૦૮ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ **દારૂ** મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શું લખેલ હતુ તે તેમણે વાંચેલ નહી. એના સિવાય બીજુ તેઓ કશુ જાણતા નથી તેમ જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક–૦૮ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક–૦૮ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે આંક–૧૧ થી ત.ક.અ. અશોકભાઇ છગનભાઇ ચાવડાને તપાસવામાં આવેલ છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, હું થાનગઢ પો.સ્ટે. ખાતે એ.એસ.આઇ તરીકે ફરજ બજાવુ છુ. ગઇ તા.૦૫/૦૯/૨૦૨૫ના રોજ પો.કોન્સ. વીપુલભાઇ જાદવભાઇ મોરીનાઓએ એક ફરીયાદ નોંધાવેલ જેની ટુકમા હકીકત એવી હતી કે આ કામનો આરોપી જીશાનખાન અમજદખાન કુરેશી રહે.થાનગઢવાળો બંસી ડેરીની બાજુમા આવેલ પોતાના જુના રહેણાકની બાજુમા આવેલ આવાવરુ જગ્યાએ ગેરકાયદેસર પાસ પરમીટ

વગર દેશી દારુ લીટર પાંચ કિં. રૂ.૧૦૦૦/–નો રેડ દરમીયાન હાજર ન મળી આવી બાબતની હતી. જેથી ફરજ પરના પી.એસ.ઓ.એ ગુન્હો નોંધી આગળની તપાસ મને સોપતા તપાસ અમોએ સંભાળી લીધેલ. મને એક ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે પો.કોન્સ. વીપુલભાઇ જાદવભાઇ મોરીનાઓની સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ **દા.આંક–૧૨** આપવામા આવે છે. ત્યારબાદ તપાસ અમોએ સંભાળી લઇ પકડાયેલ મુદ્દામાલમાથી એફ.એસ.એલ અર્થે કાઢેલ સેમ્પલને રવાનથી પત્ર સાથે રાજકોટ એફ.એસ.એલ કચેરી મોકલી આપેલ તે રવાનથી પત્ર રજુ કરુ છુ જેને રજુ **દા.આંક–૧૩** આપવામા આવે છે. આમ આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ. **સદર ત.ક.અ.ની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે પંચનામુ સાથેના પો.હેડ કોન્સે. પોલીસ સ્ટેશનમા બેસી તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ કરાવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને માણસોની અવરજવર વાળી જગ્યા છે. એ વાત ખરી છે કે તપાસના કામે કોઇ સ્વતંત્ર સાહેદનુ નિવેદન નોંધવામા આવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની સ્થળ ઉપરથી ધરપકડ કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બીનવારસી મળી આવેલ હોય તે મુદ્દામાલ આરોપીનો બતાવી તેની સામે ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે એસ.પી.કચેરી તરફથી પ્રોહીબીશનના કેસ કરવાનો ટાર્ગેટ આપવામા આવે છે. એ વાત ખરી નથી કે આરોપી સામે કોઇપણ જાતનો પુરતો પુરાવો ન હોવા છતાય ખોટું ચાર્જસીટ કરેલ છે. એ વાત ખરી નથી કે કોર્ટમા ખોટી જુબાની આપુ છુ.

**મુદ્દા નં.૧.**

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કામે પોલીસ સાહેદ સિવાયના અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે પંચ સાહેદોની સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા

નથી જેથી મુદ્દામાલ દારૂ કે વોશ આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કબ્જે કરવામાં આવેલ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં સદર કામે પકડવામાં આવેલ મુદ્દામાલ બાબતે તપાસ કરનાર અમલદારે તે મુદ્દામાલનો કોઈ જ એફ.એસ.એલ.નો રિપોર્ટ મેળવ્યો હોય કે આ કામે સામેલ રાખ્યો હોય તેવુ બનેલ નથી. આમ, સદર મુદ્દામાલ દારૂ કે દારૂનો વોશ હતો તેવુ નિ:શંકપણે પુરવાર થતુ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની હકીકત પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. સબબ આ કામે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી **જીશાનખાન અમજદખાન કુરેશી, ઉ.વ.૨૨,** રહે. થાનગઢ, મંગલદિપ સોસાયટી, ધોળેશ્વર પોળ, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગરનાઓને બી. એન. એસ. એસ.ની કલમ–૨૭૧ અન્વયે **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ **દારૂનો** અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આથી આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયના જામીન રૂ.૫૦૦૦/– ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ હુકમ અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬

થાનગઢ

(વિપુલ કાંતિભાઇ વાઘેલા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**